14 વર્ષના ભારતીય મૂળના શ્રેય પરીખે સ્ક્રિપ્સ નેશનલ સ્પેલિંગ બી જીતી

નવો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો

માત્ર 90 સેકન્ડમાં 32 શબ્દોના સાચા સ્પેલિંગ આપીને રચ્યો ઈતિહાસ; રૂ. 41 લાખથી વધુનું મેળવ્યું ઇનામ

બીજા અને ત્રીજા ક્રમે પણ ભારતીય મૂળના ઈશાન ગુપ્તા અને સર્વ ધારાવણે રહ્યા હતા

વોશિંગ્ટન, તા. 29 (પીટીઆઈ): કેલિફોર્નિયામાં રહેતા 14 વર્ષના ભારતીય-અમેરિકન વિદ્યાર્થી શ્રેય પરીખે શુક્રવારે 'સ્ક્રિપ્સ નેશનલ સ્પેલિંગ બી' સ્પર્ધા જીતી લીધી છે. શ્રેયે માત્ર 90 સેકન્ડના સમયમાં 35 શબ્દોમાંથી 32 શબ્દોના સાચા સ્પેલિંગ કહીને આ સિદ્ધિ મેળવી છે. ડે ક્રિક ઇન્ટરમીડિયેટ સ્કૂલના 8મા ધોરણના આ વિદ્યાર્થીએ 'સ્પેલ-ઓફ' રાઉન્ડમાં 'Bromocriptine' શબ્દનો સાચો સ્પેલિંગ આપીને ન્યૂ જર્સીના 12 વર્ષના ઇશાન ગુપ્તાને હરાવ્યો હતો.

આ સાથે જ શ્રેયે વર્ષ 2024માં બ્રુહત સોમા દ્વારા બનાવાયેલો 29 શબ્દોનો જૂનો રેકોર્ડ પણ તોડી નાખ્યો છે. આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં ત્રીજા સ્થાને પણ ભારતીય મૂળનો 12 વર્ષનો સર્વ ધારાવણે રહ્યો હતો.

વિજેતા બનેલા શ્રેય પરીખને ઇનામ તરીકે 50,000 ડોલર, એક સ્મૃતિ ચંદ્રક, સ્ક્રિપ્સ કપ તેમજ મેરિયમ-વેબસ્ટર તરફથી 2,500 ડોલર અને ડેલ્ટા એરલાઇન્સ તરફથી 1,000 ડોલરની ફ્લાઇટ ક્રેડિટ સહિતના અનેક ઇનામો મળ્યા છે.

જ્યારે બીજા સ્થાને રહેલા ઇશાનને 25,000 ડોલર અને ત્રીજા સ્થાને રહેલા સર્વને 15,000 ડોલરની ઇનામી રકમ મળી છે. અગાઉ વર્ષ 2022 અને 2024માં પણ સ્પર્ધામાં ભાગ લઈ ચુકેલા શ્રેયને ગણિત, ટેનિસ, વાંચન અને ચેસનો શોખ છે.

હોર્મુઝમાં નૌકા નાકાબંધી હવે હટાવી લેવામાં આવી છે: ટ્રમ્પની જાહેરાત

ઈરાન સાથેના કરાર પર અંતિમ નિર્ણય લેવા ટ્રમ્પની સલાહકારો સાથે બેઠક, ગલ્ફમાંથી અમેરિકી સૈનિકોની ઘરવાપસી

આ કામચલાઉ કરાર યુદ્ધવિરામને 60 દિવસ લંબાવશે, ટ્રમ્પે કરાર માટે 3 શરતો મૂકી, અમે માત્ર ગેરંટી કે શબ્દો પર વિશ્વાસ નથી કરતા પરંતુ પગલાં ઈચ્છીએ છીએ: ઈરાન

વોશિંગ્ટન, તા. 29 (એપી): અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે જણાવ્યું હતું કે તેઓ ઈરાન સાથેના યુદ્ધવિરામને લંબાવવાના કરાર પર 'અંતિમ નિર્ણય' લેવા માટે વ્હાઈટ હાઉસના સિચ્યુએશન રૂમમાં પોતાના સલાહકારો સાથે બેઠક કરી રહ્યા છે. આ ઉચ્ચ સ્તરીય બેઠકની પુષ્ટિ એવા સમયે થઈ છે જ્યારે અમેરિકી અને ઈરાની વાર્તાકારો વચ્ચે 60 દિવસ માટે યુદ્ધવિરામ લંબાવવા અને ઈરાનના વિવાદાસ્પદ પરમાણુ કાર્યક્રમ પર નવી વાટાઘાટો શરૂ કરવા અંગે સંભવિત સમજૂતી થઈ હોવાના અહેવાલો આવ્યા છે.

પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર પોસ્ટ કરીને જણાવ્યું છે કે તેઓ ઈરાન સાથે પરમાણુ કરાર કરવા અંગે આખરી નિર્ણય લેવા સિચ્યુએશન રૂમમાં છે. તેમણે આ કરાર માટે ૩ કડક શરતો (રેડ લાઈન્સ) આપી છે: ૧. ઈરાને ક્યારેય પરમાણુ બોમ્બ નહીં બનાવવાની પ્રતિજ્ઞા લેવી પડશે, ૨. પોતાનું સંવર્ધિત યુરેનિયમ (Enriched Uranium) સોંપવું પડશે, અને ૩. હોર્મુઝની સામુદ્રધુની સંપૂર્ણપણે ખોલવી પડશે. ટ્રમ્પે જાહેરાત કરી છે કે ઈરાન પર લાદવામાં આવેલી અભૂતપૂર્વ અને કડક નૌકા નાકાબંધી હવે હટાવી લેવામાં આવી છે અને ત્યાં તૈનાત અમેરિકી સૈનિકો હવે પોતાના ઘરે પરત ફરી રહ્યા છે. આ જાહેરાતને પગલે વૈશ્વિક તેલ બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ નીચે ગબડ્યા છે અને બ્રેન્ટ ક્રૂડનો ભાવ ઘટીને બેરલ દીઠ 92 ડોલર પર પહોંચી ગયો છે. ટ્રમ્પે જણાવ્યું કે 'અંડરવોટર માઈન સ્વીપર્સ' (પાણીની અંદર સુરંગ હટાવતા જહાજો) દ્વારા આ વિસ્તારમાં પહેલેથી જ ઘણી બધી બારૂદી સુરંગો નષ્ટ કરી દેવામાં આવી છે અને બાકીની સુરંગો ઈરાને હટાવવી પડશે. બીજી બાજુ, ઈરાની સંસદના અધ્યક્ષ મોહમ્મદ બાગેર કાલીબાફે સોશિયલ મીડિયા એક્સ પર સ્પષ્ટ કર્યું છે કે તેમનો દેશ માત્ર ગેરંટી કે શબ્દો પર વિશ્વાસ નથી કરતો પરંતુ પગલાં ઈચ્છે છે.

જેફ બેઝોસનું રોકેટ એન્જિન ટેસ્ટિંગ દરમિયાન બ્લાસ્ટ થયું

આ અકસ્માતમાં કોઈ જાનહાનિના થઈ નથી

આ રોકેટ નાસાના મહત્વકાંક્ષી આર્ટેમિસ મૂન મિશનનો એક ભાગ છે

કેપ કેનાવેરલ, તા. 29 (એપી): એમેઝોનના સ્થાપક જેફ બેઝોસની સ્પેસ કંપની 'બ્લુ ઓરિજિન'ના એક વિશાળ રોકેટમાં ગુરુવારે રાત્રે લોન્ચ પેડ પર એન્જિન ટેસ્ટિંગ દરમિયાન ભયાનક વિસ્ફોટ થયો હતો. આ ધડાકો એટલો તીવ્ર હતો કે આસપાસના ઘરો ધ્રૂજી ઉઠ્યા હતા અને આકાશમાં નારંગી રંગના અગનગોળા જોવા મળ્યા હતા.

કંપનીએ જણાવ્યું કે આગામી અઠવાડિયે યોજાનારા સેટેલાઈટ લોન્ચિંગ પહેલા 'ન્યૂ ગ્લેન' રોકેટનું એન્જિન ફાયરિંગ ટેસ્ટ ચાલી રહ્યું હતું તે સમયે આ દુર્ઘટના ઘટી હતી. જોકે, કેપ કેનાવેરલ સ્પેસ ફોર્સ સ્ટેશનના અધિકારીઓ મુજબ આ ઘટનામાં કોઈને ઈજા થઈ નથી.

કંપનીના વડા જેફ બેઝોસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર દુઃખ વ્યક્ત કરતા કહ્યું કે, 'આ ખૂબ જ મુશ્કેલ દિવસ છે, પરંતુ અમે ખામી શોધીને બધું ફરીથી સરખું કરી દઈશું અને ઉડાન પર પરત ફરીશું.' ઉલ્લેખનીય છે કે 321 ફૂટ (98 મીટર) ઊંચું આ રોકેટ નાસાના મહત્વકાંક્ષી આર્ટેમિસ મૂન મિશનનો એક ભાગ છે, જેના દ્વારા ભવિષ્યમાં અવકાશયાત્રીઓને ચંદ્રની સપાટી પર મોકલવાના છે. અગાઉ એપ્રિલ મહિનામાં પણ એન્જિન ફેલ થવાને કારણે આ રોકેટે સેટેલાઈટને ખોટી ભ્રમણકક્ષામાં છોડી દીધો હતો. રાત્રે આશરે 9 વાગ્યે થયેલા આ બ્લાસ્ટ બાદ એલોન મસ્કે પણ ટ્વિટ કરીને બ્લુ ઓરિજિન કંપની પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે આ વિસ્ફોટથી અન્ય કંપનીઓના આગામી લોન્ચિંગ પર કોઈ અસર નહીં પડે.

બિનવારસી બેંક ડિપોઝિટ, વીમા અને શેર શોધવા માટે લૉન્ચ થયું યુનિફાઇડ પોર્ટલ

બહુવિધ સર્ચ સુવિધાઓ હવે એક જ પ્લેટફોર્મ પર ઉપલબ્ધ

હવે નાગરિકો તેમની બિનવારસી બેંક થાપણો, વીમાના દાવા, શેર અને મ્યુચ્યુઅલ ફંડની રકમ સરળતાથી શોધી અને મેળવી શકશે

નવી દિલ્હી, તા. 29 (પીટીઆઈ): નાણા મંત્રાલયે શુક્રવારે નાગરિકો માટે એક મોટું પગલું ભરતાં એક સિંગલ યુનિફાઈડ ઓનલાઈન પ્લેટફોર્મ લૉન્ચ કર્યું છે. આ પ્લેટફોર્મ દ્વારા હવે દેશના નાગરિકો નાણાકીય ક્ષેત્રમાં પડેલી તેમની બિનવારસી બેંક થાપણો, વીમાના દાવા, શેર અને મ્યુચ્યુઅલ ફંડની રકમ સરળતાથી શોધી અને મેળવી શકશે.

નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે, આ પહેલથી જાહેર જનતામાં જાગૃતિ વધશે, માહિતી મેળવવાની સુવિધા સરળ બનશે અને નાણાકીય સશક્તિકરણ તથા સમાવેશીકરણ દ્વારા 'વિકસિત ભારત-2047'ના વિઝનને મજબૂતી મળશે. આ પોર્ટલને પીએસબી એલાયન્સના સહયોગથી તૈયાર કરવામાં આવ્યું છે. નાણાકીય સેવા વિભાગના સચિવ એમ. નાગરાજૂએ જાહેર ક્ષેત્રની બેંકોની સમીક્ષા બેઠક દરમિયાન આ યુનિફાઈડ પ્લેટફોર્મ લોન્ચ કર્યું હતું. નાગરિકો આ સુવિધાનો લાભ (https://www.unclaimedassetsportal.in) વેબસાઈટ પર જઈને લઈ શકે છે, જે સમગ્ર ફાઈનાન્શિયલ ઈકોસિસ્ટમમાં ઉપલબ્ધ બિનવારસી થાપણો અને ડિવિડન્ડ શોધવાની કેન્દ્રીકૃત સુવિધા આપે છે. નાણા મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ ડિજિટલ પહેલ નાણાકીય ક્ષેત્રના નિયમનકારો અને બેંકોના સહયોગથી ચાલતા દેશવ્યાપી અભિયાન 'યોર મની, યોર રાઈટ' (તમારા નાણાં, તમારો અધિકાર)ને વધુ વેગ આપશે.

ટેક્સાસમાં 100 ફૂટની ઊંચાઈએ રોલરકોસ્ટર હવામાં અટક્યું

ચાર કલાક બાદ વિદ્યાર્થીઓનો આબાદ બચાવ

વોશિંગ્ટન, તા. 29: અમેરિકાના ટેક્સાસમાં આવેલ એક એમ્યુઝમેન્ટ પાર્કમાં ગુરુવારે સાંજે આશરે 5 કલાકે એક રોલરકોસ્ટર રાઈડમાં ટેકનિકલ ખામી સર્જાતા 8 મુસાફરો 100 ફૂટની ઊંચાઈએ હવામાં અધ્ધર અટવાઈ ગયા હતા. 'આયર્ન શાર્ક' નામની આ રાઈડ તેની શરૂઆતની સપાટ ચઢાણ પર જ અટકી ગઈ હતી, જેના કારણે મુસાફરો 90-ડિગ્રીના સીધા ઢોળાવ પર ચાર કલાકથી વધુ સમય સુધી ફસાયેલા રહ્યા હતા. આ મુસાફરો હ્યુસ્ટનના વિદ્યાર્થીઓ હતા, જેઓ સ્કૂલ ટૂર પર આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ ફાયર ડિપાર્ટમેન્ટની ટીમ કલાકે ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર ફાઈટર્સે હિંમતભેર ટ્રેક પર ચઢીને તમામ મુસાફરોને સેફ્ટી હાર્નેસ (સુરક્ષા પટ્ટો) બાંધ્યો હતો અને સીડી દ્વારા એક પછી એક સુરક્ષિત રીતે નીચે ઉતાર્યા હતા. રાત્રે 9 કલાકે તમામ લોકોને સફળતાપૂર્વક બચાવી લેવાયા હતા. ગરમીમાં કલાકો સુધી ફસાયેલા રહેવાને કારણે મુસાફરોનું ડિહાઈડ્રેશન માટે મેડિકલ ચેકઅપ કરાયું હતું, જોકે સદનસીબે કોઈને ઈજા થઈ નથી. રાઈડ બંધ થવાનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી.

પાકિસ્તાને અમેરિકામાં છબી સુધારવા લોબિંગ ફર્મ હાયર કરી

યુએસ-ઈરાન યુદ્ધમાં મધ્યસ્થી બન્યા બાદ સંબંધો મજબૂત કરવા માસિક $50,000નો કરાર; કોંગ્રેસ અને મીડિયા સુધી પહોંચ વધારશે પાકિસ્તાન

વોશિંગ્ટન, તા. 29: અમેરિકા અને ઈરાન વચ્ચેના યુદ્ધમાં મધ્યસ્થીની ભૂમિકા ભજવ્યા બાદ, પાકિસ્તાન હવે વોશિંગ્ટનના રાજકીય વર્તુળોમાં પોતાની છબીને વધુ મજબૂત કરવા માટે સક્રિય બન્યું છે. આ અંતર્ગત પાકિસ્તાને પૂર્વ રિપબ્લિકન કોંગ્રેસમેન ટોમ ગ્રેવ્સની આગેવાની હેઠળની એક અગ્રણી લોબિંગ ફર્મ સાથે હાથ મિલાવ્યા છે.

વોશિંગ્ટન સ્થિત પાકિસ્તાની દૂતાવાસે ચાલુ મહિને 'અરવિન ગ્રેવ્સ સ્ટ્રેટેજી ગ્રુપ' સાથે બે વર્ષનો કરાર કર્યો છે. આ કરાર હેઠળ પાકિસ્તાન ફર્મને દર મહિને 50,000 અમેરિકી ડોલર (USD) ચૂકવશે.

અમેરિકાના ન્યાય વિભાગમાં સત્તાવાર રીતે સબમિટ કરાયેલા દસ્તાવેજો અનુસાર, આ ફર્મ વોશિંગ્ટનમાં પાકિસ્તાનના રાજદ્વારી, આર્થિક અને વ્યૂહાત્મક હિતોને આગળ વધારવા માટે કામ કરશે. યુએસ કોંગ્રેસ (સંસદ)માં પાકિસ્તાનના 'મેજર નોન-NATO એલી' (મુખ્ય બિન-નાટો સહયોગી)ના દરજ્જાને નુકસાન પહોંચાડતી કોઈપણ કાયદાકીય કે નીતિગત પ્રક્રિયાઓ સામે વ્યુહરચના ઘડવી. પાકિસ્તાનને મળતી સુરક્ષા સહાય, તેના પરના સંભવિત પ્રતિબંધો કે માનવાધિકાર સંબંધિત બાબતો પર સતત મોનિટરિંગ રાખવું. અમેરિકી લોમેકર્સ (સાંસદો) અને તેમના સ્ટાફ માટે પાકિસ્તાનની મુલાકાતોનું આયોજન કરવું અને પ્રવાસ પહેલાં તેમને બ્રીફિંગ આપવી. અગ્રણી મીડિયા હાઉસના એડિટોરિયલ બોર્ડ અને ઓપિનિયન સેક્શન સુધી પાકિસ્તાનનો પક્ષ પહોંચાડવો, તેમજ પાકિસ્તાનના વ્યૂહાત્મક મહત્વને સમર્થન આપી શકે તેવા નીતિવિષયક અવાજો અને થિંક-ટેન્ક નિષ્ણાતોને શોધવા.

CBSE રી-ઈવેલ્યુએશન પોર્ટલ 1 જૂનથી ખુલશે

ઓન-સ્ક્રીન માર્કિંગ સિસ્ટમમાં આશરે 20 જેટલા કિસ્સાઓમાં વિદ્યાર્થીઓની આન્સર-શીટ બદલાઈ ગઈ હોવાનું બહાર આવ્યું

આ વર્ષે સ્કેન કરાયેલી 98 લાખ ઉત્તરવહીઓમાંથી આશરે 68,000માં ગુણવત્તાની સમસ્યા દેખાઈ આવી

નવી દિલ્હી, તા. 29 (પીટીઆઈ): સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE)એ જણાવ્યું છે કે ધોરણ 10 અને 12ના પરિણામ પછીની પ્રક્રિયાઓ, જેમાં ઉત્તરવહીઓની ચકાસણી (Verification) અને પુનઃમૂલ્યાંકન (Re-evaluation) સમાવેશ થાય છે, તેના માટેનું પોર્ટલ હવે 1 June 2026 થી શરૂ થશે. અગાઉ આ પોર્ટલ 29 May ના રોજ શરૂ થવાનું હતું. બોર્ડે સોશિયલ મીડિયા એક્સ (X) પર સ્પષ્ટતા કરી છે કે વિદ્યાર્થીઓને કોઈ ટેકનિકલ ખામી કે પેમેન્ટ ફેલિયરની સમસ્યા ન નડે અને સમગ્ર પ્રક્રિયા પારદર્શક બને તે માટે આ નિર્ણય લેવાયો છે. વિદ્યાર્થીઓ સહાય માટે હેલ્પલાઈન નંબર 1800 11 8004 પર સંપર્ક કરી શકે છે.

સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, આ વર્ષે પ્રથમ વખત અમલમાં મૂકાયેલી ઓન-સ્ક્રીન માર્કિંગ (OSM) સિસ્ટમમાં આશરે 20 જેટલા કિસ્સાઓમાં વિદ્યાર્થીઓની આન્સર-શીટ અરસપરસ બદલાઈ ગઈ હોવાનું બહાર આવ્યું છે. વેદાંત અને સંજના નામના વિદ્યાર્થીઓએ સોશિયલ મીડિયા પર પુરાવા સાથે આક્ષેપ કર્યો હતો કે પોર્ટલ પર અપલોડ થયેલી ફિઝિક્સની ઉત્તરવહી તેમની નહોતી. ત્યારબાદ બોર્ડે આ મામલાને ટોચની અગ્રતા આપીને સુધારો કર્યો હતો. આ વર્ષે સ્કેન કરાયેલી 98 લાખ ઉત્તરવહીઓમાંથી આશરે 68,000માં ગુણવત્તાની સમસ્યા હતી, જેમાંથી 13,000થી વધુ કોપીઓ ઉકેલી ન શકાતા તેનું મેન્યુઅલ મૂલ્યાંકન કરવું પડ્યું હતું.

કરણ જૌહરે શાહરૂખ-આલિયા સહિત કેટલાંક સ્ટાર્સને અનફોલો કર્યા, ચર્ચામાં 'ડિજિટલ ડિટોક્સ'

મુંબઈ, તા. 29: ફિલ્મ નિર્માતા કરણ જોહર ઇન્સ્ટાગ્રામ પર એક મોટો ધમાકો કરીને ચર્ચામાં આવી ગયો છે. કેજો (KJo)એ તેના ઇન્સ્ટા એકાઉન્ટ પરથી તેના સૌથી ખાસ ચાર-દોસ્તો–કિંગ ખાન શાહરૂખ, બેબો કરીના અને ખુદ તેની વ્હાલી આલિયા ભટ્ટને પણ અનફોલો કરી દીધા છે! એટલું જ નહીં, વરુણ, સિદ્ધાર્થ અને જાનવી જેવા જેને તેણે લોન્ચ કર્યા હતા, તે બધા તેની ફોલો લિસ્ટમાંથી ગાયબ છે. આને કારણે તેના ફોલોઅર્સ પણ 1.8 કરોડથી ઘટીને 1.75 કરોડ થઈ ગયા છે. આ પાછળનું કારણ જણાવતા કરણે ઇન્સ્ટા સ્ટોરી પર લખ્યું કે તે 'ડિજિટલ ડિટોક્સ' કરી રહ્યો છે અને સોશિયલ મીડિયા પર પોતાની એનર્જી ઓછી કરવા માગે છે. વેલ કરણ, બી ટાઉનની આ દોસ્તીમાં કોઈ નવો વળાંક તો નથી ને?

રણવીર અને ફરહાન વચ્ચે સલમાન સુલેહ કરાવશે

મુંબઈ, તા. 29: ડોન-3ને લઈને ડાયરેક્ટર ફરહાન અખ્તર અને રણવીર સિંહ વચ્ચે ચાલી રહેલા કરોડોના વિવાદમાં હવે સુપરસ્ટાર સલમાન ખાનની એન્ટ્રી થઈ છે. અહેવાલો અનુસાર, રણવીરે છેલ્લી ઘડીએ ફિલ્મ છોડી દેતા ફરહાનને મોટું નુકસાન થયું હતું, જેના કારણે FWICEએ રણવીર પર બેન લગાવ્યો છે. એક રિપોર્ટ મુજબ, સલમાન ખાન રણવીરને ખૂબ પસંદ કરે છે અને ફરહાન સાથે પણ તેનો પારિવારિક સંબંધ છે. આથી, સલમાન હવે બંને વચ્ચે મધ્યસ્થતા કરીને મીડિયાના હસ્તક્ષેપ વગર આ ઝઘડો શાંત કરાવવાનો પ્રયાસ કરશે. જોકે, આ અંગે હજુ કોઈ સત્તાવાર જાહેરાત થઈ નથી. રણવીર અને ફરહાન તરફથી પણ આ અંગે કોઈ નિવેદન આવ્યું નથી.

પૂણેમાં લઠ્ઠાકાંડ: નકલી દારૂ પીવાથી 14નાં મોત

પૂણે, તા. 29 (પીટીઆઈ): મહારાષ્ટ્રના પિંપરી ચિંચવડ વિસ્તાર અને પૂણે શહેરમાં કથિત નકલી (ઝેરી) દારૂ પીવાના કારણે ઓછામાં ઓછા 14 પુરુષોના મોત નીપજ્યા છે. આ ચકચારી ઘટનાના સંબંધમાં પોલીસે એક મુખ્ય બુટલેગર સહિત 8 લોકોની ધરપકડ કરી છે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આ ઘટનાને "અત્યંત ગંભીર" ગણાવી છે અને કહ્યું છે કે નકલી દારૂના સપ્લાયમાં સામેલ આખી ઈકોસિસ્ટમને (નેટવર્ક) ઓળખી કાઢવામાં આવી છે અને કડક કાનૂની પગલાં લેવાઈ રહ્યા છે. સમગ્ર મામલાની ગંભીરતાને જોતા આ દુઃખદ બનાવની તપાસ ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ (CID) ને સોંપવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, પિંપરી ચિંચવડના ફુગેવાડી વિસ્તારમાં 9 લોકોના અને પૂણેના હડપ્સરના પંઢારે માલા વિસ્તારમાં 4 લોકોના મોત થયા છે, જ્યારે અન્ય 5 લોકો હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આરોપીઓએ દારૂમાં કેમિકલયુક્ત મિથનોલ ભેળવીને સપ્લાય કર્યો હતો. દારૂ પીધા બાદ પીડિતોને ઉલ્ટી, ચક્કર આવવા અને શ્વાસ લેવામાં તકલીફ જેવી ગંભીર સમસ્યાઓ થઈ હતી. પિંપરી ચિંચવડ પોલીસે પકડાયેલા ચાર મુખ્ય આરોપીઓને સ્થાનિક કોર્ટમાં રજૂ કરીને 8 June સુધીના રિમાન્ડ મેળવ્યા છે, જ્યારે અન્ય ત્રણને રાજ્ય આબકારી વિભાગે પકડ્યા છે. પોલીસે ફરાર અન્ય આરોપી આકાશ જાધવ અને અન્ય લોકો સામે માનવવધ સહિતની કડક કલમો હેઠળ ગુનો નોંધી સીસીટીવી (CCTV) ફૂટેજના આધારે તપાસ તેજ કરી છે.

પંજાબ નેશનલ બેંક ...भरोसे का प्रतीक ! punjab national bank ...the name you can BANK upon !

બીઓ અડાજણ : જી–૧, ટ્રિનીટી બિઝનેશ પાર્ક, ગ્રીન આર્કેડ નજીક, અડાજણ, સુરત– ૩૯૫૦૦૯.email Id: bo163710@pnb.bank.in

અહી નોટીસ આથી નીચેના દેવાદારો **શ્રી કનુભાઈ અમથાભાઈ રબારી (દેવાદાર), અને શ્રીમતી સીતાદેવી કનુભાઈ રબારી (સહ દેવાદાર)** કે જેમણે બેંક મારફત લોન સુવિધા લીધેલ જેમાં મુદલ અને વ્યાજની ચુકવણી માં કસુર કરેલ છે. આ લોન સુવિધા માટે પોતાની અંગત ગેરંટી આપેલ છે. અને લોન ખાતુ નોન–પરફોર્મીગ એસેટ(એનપીએ) તરીકે વગીકૃત થયુ છે. આ લોનની ચુકવણી માટે **શ્રી સુરજભાઈ અભુભાઈ દેસાઈ (જામીનદાર)** એ જામીનગીરી આપેલ છે.તેમના છેલ્લા જાણીતા સરનામા પર સિક્યોરીટાઈઝેશન એન્ડ રિ–કન્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ તેમને નોટીસ જારી કરવામાં આવેલ હતી પરંતુ તે બજવણી થયા વગર પરત થયેલ છે. અને આથી તેમને આ જાહેર નોટીસ થી તેમને જાણ કરવામાં આવે છે.

અ. નં.	દેવાદારો /જામીનદારો ના નામ	સુરક્ષીત કરેલ મિલકતનુ વર્ણન	નોટીસની તારીખ	એનપીએ ની તારીખ	બાકી રકમ (નોટીસની તારીખ મુજબ, વ્યાજ અને અન્ય ચાર્જીસ સહીત)
૧	શ્રી કનુભાઈ અમથાભાઈ રબારી (દેવાદાર) શ્રીમતી સીતાદેવી કનુભાઈ રબારી (સહ દેવાદાર) શ્રી સુરજભાઈ અભુભાઈ દેસાઈ (જામીનદાર)	તમામ હક, હિત અને સંબંધ ધરાવતી મિલકત કે જે **'શિવપાર્ક સોસાયટી'** તરીકે જાણીતો **પ્લોટ નં. ૧૭૨** અને બાંધકામ થયેલ માપ ૧૨*૩૫ એટલે ૩૯.૦૩ ચો.મીટર વણવહેચાયેલ હિસ્સા સાથે માપ ૨૨.૦૦ ચો.મી કુલ માપ ૬૧.૦૩ ચો.મી (૧) રેવન્યુ સર્વે નં. ૧૧, બ્લોક નં. ૧૯ માપ ૭૮૯૧ ચો.મી અને (૨) રેવન્યુ સર્વે નં. ૩૫ પૈકી બ્લોક નં. ૪૨ માપ ૧૪૧૬૪ ચો.મી ગામ. ગોડાદરા, તા. ચોર્યાસી, જી.સુરત ખાતે **શ્રી કનુભાઈ અમથાભાઈ રબારી** ની માલિકીનુ આવેલ છે. **જેની ચતુર્દિશા : પૂર્વ તરફ** : પ્લોટ નં.૧૭૧, **પશ્ચિમ તરફ** : પ્લોટ નં.૧૭૩, **ઉત્તર તરફ** : રોડ, **દક્ષિણ તરફ** : પ્લોટ નં. ૨૦૨ આવેલ છે.	૦૫.૦૫.૨૦૨૬	૩૧.૦૩.૨૦૨૬	રૂ. ૧૭,૧૩,૪૬૪.૭૩/– તા :૩૦/૦૪/૨૦૨૬ ના રોજ

ઉપરોક્ત દેવાદાર જે પણ લાગુ હોય ને આ નોટીસના પ્રકાશનની તારીખ થી ૬૦ દિવસ ની અંદર બાકી રકમની ચુકવણી કરી દેવા જણાવવામાં આવે છે. ૬૦ દિવસની સમાપ્તી પછી તેમ કરવામાં કસુર થયે સિક્યોરિટાઈઝેશન એન્ડ રિ–કન્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩ની પેટા કલમ૪ હેઠળ આગળ ના પગલા લેવામાં આવશે.

તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ–૧૩ કલમ ૧૩ મુજબ દેવાદાર બેંકની લેખિત સંમતિ મેળવ્યા વિના ઉપર જણાવેલી સુરક્ષિત મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

દેવદારોનુ ધ્યાન દેરવવાનુ કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

તારીખ : ૩૦.૦૫.૨૦૨૬ સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક

SBI હોમ લોન સેન્ટર–૨ શાખા, દુકાન નં. ૨૧૩–૨૧૯, રીયો એમ્પાયર, આર.ટી.ઓ. પાલ સામે, સુરત–૩૯૫૦૦૯ ફોનઃ ૯૯૭૮૯૦૧૭૦૫ E-mail - sbi.63692@sbi.co.in

સ્થાવર મિલકતો વેચાણ માટેની ઈ–હરાજી વેચાણ નોટીસ

સિક્યોરિટાઇઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ્ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ના નિયમ ૮(૬)ને વાંચતા, સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨ અંતર્ગત સ્થાવર મિલકતના વેચાણ માટે ઈ–હરાજી વેચાણ સૂચના. જાહેર જનતાને અને ખાસ કરીને કરજદાર(ઓ)અને જામીનદાર(ઓ) ને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો જે સુરક્ષિત લેણદાર ને ગીરવે મૂકવામાં આવી છે/ ચાર્જ કરવામાં આવી છે, જેનો પ્રત્યક્ષ કબજો સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના અધિકૃત અધિકારી, સિક્યોર ક્રેડિટર્સ દ્વારા લેવામાં આવ્યો છે અને તે ''જેમ છે જ્યાં છે'', ''જેમ છે જે છે અને જે કંઈ છે'' ના ધોરણે તા.૨૯/૦૬/૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ થી તા.૨૯/૦૬/૨૦૨૬ ના રોજ સાંજે ૧૬.૦૦ દરમ્યાન વેચાણ કરવામાં આવશે. જે દ્વારા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (સિક્યોર ક્રેડિટર્સ) જે તે સંબંધિત કરજદાર(ઓ) અને જામીનદાર(ઓ) પાસેથી બાકી રકમની વસૂલાત કરી શકાય.

ક્રમ. નં.	કરજદારનું નામ	વસુલાતની બાકી રકમ	મિલકતનું વર્ણન	અનામત કિંમત (રૂ.) / ઈએમડી (રૂ.)	મિલકતો નિરીક્ષણ માટેની તારીખ અને સમય
૧.	મન્સુર જેઠાભાઈ નૈયા અને ભીનીબેન જેઠાભાઈ નૈયા સરનામુઃ ૧૯૯૯, શ્રીરામ નગર, છાપરાભાઠા રોડ, અમરોલી, સુરત– ૩૯૪૧૦૭.	રૂ.૧૨,૪૫,૧૫૧/– જે તા.૦૮/૧૦/૨૦૨૪ ના રોજની બાકી ઉપરાંત ભવિષ્યનું વ્યાજ અન્ય ખર્ચાઓ અને ચાર્જીસ વિગેરે.	Property ID: SBIN200031369263. તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાવર મિલકત જેનો રેવન્યુ સર્વે નં. ૧૭૮ પૈકી ૧૮૧/૧ અને ૧૮૨/૨, બ્લોક નં. ૧૫૯, જાહેરાત બાદ નવો બ્લોક નં. ૧૫૯/૪૫, પ્લોટ નં. ૪૫, શ્રી સાઈ વિલા રેસીડેન્સી, ઈસનપોર પ્રાથમિક શાળા નજીક, ઓફ ઓલપાડ રોડ, ઈસનપોર, તાલુકોઃ ઓલપાડ, સુરત –૩૯૪૫૪૦. કબજોઃ પ્રત્યક્ષ.	૧૭,૨૯,૦૦૦/– / ૧,૭૨,૯૦૦/–	તા.૨૩/૦૬/૨૦૨૬ બપોરે ૧૪.૦૦ થી સાંજે ૧૬.૦૦ કલાક દરમ્યાન

આ ઈ–હરાજી બેંકના માન્ય પ્રપ્ત M/s PSB Alliance Pvt. Ltd. દ્વારા તેમના વેબ પોર્ટલ https://baanknet.com. પર કરવામાં આવશે, રસ ધરાવતા બોલી લગાવનારાઓએ ખાતરી કરવી પડશે કે તેઓ ઈ–હરાજી વેબસાઈટ પર નોંધણી કરાવે અને https://baanknet.com પર આપેલી માર્ગદર્શિકા અનુસાર સેવા આપનાર દ્વારા બનાવેલા વર્ચ્યુઅલ વોલેટમાં બાનાના પૈસા જમા કરાવે.

રસ ધરાવતા બોલી લગાવનારાઓ જેમને લોગિન આઈડી અને પાસવર્ડ બનાવવા, ડેટા અપલોડ કરવા બિડ દસ્તાવેજો સબમિટ કરવા, તાલીમ/પ્રદર્શન, ઓનલાઈન ઈન્ટર-રો બિડીંગના નિયમો અને શરતો વગેરે માં સહાયની જરૂર હોય, તેઓ વેબસાઈટ https://baanknet.com ની મુલાકાત લઈ શકે છે.

વેચાણ માટે વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, સિક્યોર્ડ ક્રેડિટરની વેબસાઈટ https://baanknet.com નો સંદર્ભ લો. સરફેસી એક્ટ ના નિયમ ૮(૬) હેઠળ વૈધાનિક સુચનાઃ આ સરફેસી એક્ટ ૨૦૦૨ ના નિયમ ૮(૬) હેઠળ ઉપરોક્ત લોનના કરજદાર/જામીનદારને ઉપરોક્ત તારીખેના રોજ સિક્યોર્ડ મિલકતના વેચાણ માટે હરાજી થશે, તે અંગેની સુચના પણ છે.

પૂછપરછ માટે સંપર્કઃ વિમલ પ્રસાદ ચૌધરી, મુખ્ય પ્રબંધક મેન્ટેનન્સ (એચએલસી ૨–સુરત), મો.નં. ૯૮૭૫૧૫૭૩૪૫, ૭૦૪૩૪ ૪૯૧૩૧

તારીખ : ૨૯/૦૫/૨૦૨૬ સ્થળ : સુરત — સહિ/– અધિકૃત અધિકારી, ભારતીય સ્ટેટ બેંક, હોમ લોન સેન્ટર–૨, સુરત.

(ગુજરાતી અનુવાદ એ અસલ અંગ્રેજી ભાષાનું છે. કોઈપણ કાયદાકીય ગૂચવણ હેતુ, અંગ્રેજી ભાષાની નોટીસ જ માન્ય રહેશે.)

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ IDFC FIRST Bank

(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)

CIN : L65110TN2014PLC097792

રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નઈ–૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

પરિશિષ્ટ–૪ [રૂલ ૮(૧) કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ,આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી)** અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) ની સાથે વાંચતા નિયમ ૩ હેઠળ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ મળેલ સત્તાની રૂએ **તા.૦૬.૧૨.૨૦૨૫** ના રોજ નોટીસ બજાવીને **દેવાદાર, સહદેવાદારો અને જામીનદારો ૧. સંજૂ હોઝયરી ૨. કંચન આર ખુરાના** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા ૧૨,૦૭,૩૩૯.૧૧/– (અંકે રૂપિયા બાર લાખ સાત હજાર ત્રણ સો ઓગણચાળીસ અને આગીયાર પૈસા પુરા) તા.૦૫.૧૨.૨૦૨૫** ના રોજના આ ડીમાન્ડ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) ના રૂલ ૮ હેઠળ તેમને બક્ષવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૨૬ મે ૨૦૨૬** ના રોજ આ કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ,આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી)** ની રકમ **રૂા ૧૨,૦૭,૩૩૯.૧૧/– (અંકે રૂપિયા બાર લાખ સાત હજાર ત્રણ સો ઓગણચાળીસ અને આગીયાર પૈસા પુરા)** અને તેના ઉપરના વ્યાજને આધીન રહેશે.

દેવાદારો નું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષિત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતોનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે 'ગુજરાત હાઉસીંગ બોર્ડ ના ૨૩૪એમઆઈજી' ના રજા માળ નો ફ્લેટ નં.૨૧૬, માપ ૬૧.૮૬ ચો.મીટર વણવહેચાયેલ હિસ્સા સહિત બ્લોક નં. ૩૬, રેવન્યુ સર્વે નં. ૧૬૮ પૈકી, ૧૭૦ પૈકી, ૧૭૧ પૈકી, ટી.પી.સ્કીમ નં. ૨૯ (રાંદેર), ફાઈનલ પ્લોટ નં. ૩૬/એ, ૩૬/બી, ૩૬/સી, જેનો મ્યુનીશીપલ ટેનામેન્ટ નં. ૧૬ડી–૩૩–૨૬૩૫–૦–૦૦૧, મોજે ગામ. રાંદેર, સબ ડિસ્ટ્રિક્ટ અને તાલુકા. ચોર્યાસી, જી. સુરત, રાજય. ગુજરાત–૩૯૫૦૦૫ ખાતે આવેલ છે. જેની ચતુર્થદિશા **પુર્વે :** ખુલ્લી જમીન અને રોડ, **પશ્ચિમે :** દાદર અને ફ્લેટ નં. ૨૧૫, **ઉત્તરે :** ખુલ્લી જમીન, **દક્ષિણ :** ખુલ્લી જમીન અને રોડ આવેલ છે.

સહિ/– અધિકૃત અધિકારી, આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી

તારીખ : ૨૬–૦૫–૨૦૨૬ સ્થળ : ગુજરાત લોન ખાતા નં.: ૫૫૮૩૯૩૩ ૨૦૪૧૩૦૬૭

TORRENT POWER

વીજપ્રવાહ બંધ રહેવા બાબત

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપુરવઠો આપવાના હેતુથી નીચે દર્શાવેલ સબસ્ટેશનોના નેટવર્ક મેઈન્ટેનન્સનું આયોજન કરેલ છે. આ સબસ્ટેશનોમાંથી વીજપુરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૯:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક દરમ્યાન વીજપુરવઠો બંધ રહેશે. અનુસૂચિત સમય પહેલા વીજપુરવઠો પુનઃકાર્યરત કરવા માટે અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશું.

- ૦૧/૦૬/૨૦૨૬, સોમવાર : વિભા આર્કેડ (ચૌટા બજાર), હકીમી રેસિડન્સી
- ૦૨/૦૬/૨૦૨૬, મંગળવાર : ફટાકડાવાડી ઈન્ડ. નં.૧
- ૦૩/૦૬/૨૦૨૬, બુધવાર : ઘનશ્યામ નગર શેરી નં.૫, કૈલાશ નગર (પીકે રોડ), લાલદરવાજા
- ૦૪/૦૬/૨૦૨૬, ગુરુવાર : ઈનકમટેક્ષ ઓફિસ (એલટી), સતારાવાડી ઈન્ડ. નં.૨, સુંદરબા ઈન્ડ. (સુરજબા), મધુસુદન ડાઈંગ (એચટી)
- ૦૫/૦૬/૨૦૨૬, શુક્રવાર : આઈટીઆઈ (મજુરા ગેટ), ગાંધી એન્જિ. કોલેજ, મણીબા (કતારગામ રોડ), મલ્ટી લેવલ પાર્કિંગ નં.૨
- ૦૬/૦૬/૨૦૨૬, શનિવાર : પચ્ચીનગર કંપાઉન્ડ-૨ (એકે રોડ), પૂનમ સેવાનિધિ (બેગમવાડી)

અસુવિધા બદલ દિલગીર છીએ

વીજ સ્થાપનમાં ELCB/RCCB લગાડવાથી વીજ અકસ્માત નિવારી શકાય.

8141970070

હેલ્પ લાઈન નં. 0261-2551912 / 19128 (Toll Free), પોર્ટલ : connect.torrentpower.com અને મોબાઈલ એપ : Torrent Power Connect

અંબાડા ગ્રામપંચાયત તા.જી.નવસારી,પિન396469

જાહેર નિવિદા

આથી જર્જરીત જુના મકાનો તોડનાર તથા ભંગાર ની વસ્તુઓ ખરીદનારાઓ નેઅંબાડા ગ્રામપંચાયત તરફથી સુચન કરવામાં આવે છે કે હાલ અંબાડા ગ્રામપંચાયતની જુની/ જર્જરીત પંચાયત મકાન તોડીને તેનું ભંગાર-કાટમાળ સહિતની નકારતી સામાગ્રી લઇ જવા માટેની જાહેર હરાજી તા.01/06/2026 ના રોજ બપોરના 1.00 કલાકે અંબાડા ગ્રામ પંચાયત કચેરી મુકામે રાખવામાં આવેલી છે.અનામત રકમ રુપિયા 200/- (બસ્સો પુરા) સ્થળ પર હરાજીના સમય પહેલા જમા કરાવવાના રહેશે,જે અનામત રકમ પરત મળવા પાત્ર રહેશે નહીં.તો રસ ધરાવનાર ઠેકેદારો એ તારીખ, સમય, સ્થળ ખાતે સમયસર હાજર રહેવા જણાવવામાં આવે છે હરાજી ની શરતો અને બોલીઓ જે તે દિવસે સ્થળ પર વાંચી સંભાળવામાં આવશે.

તલાટી કમ મંત્રી ગ્રામ પંચાયત અંબાડા તા. જી.નવસારી. — સરપંચ ગ્રામ પંચાયત અંબાડા તા. જી.નવસારી.

માહિતી/નવસારી/ ૯૧/૨૦૨૬